# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-06-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-યોગ દિવસ:

દેશ સહિત વિશ્વભરમાં  ગઈકાલે ખૂબ જ ઉત્સાહ અને વ્યાપક ભાગીદારી સાથે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ અલગ-અલગ યોગ સત્રોમાં ભાગ લઈને ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું હતું કે વૈશ્વિક સમુદાય હવે યોગ પ્રત્યે વધુ આદર ધરાવે છે અને મહાદ્વિપોના લોકો પણ તેનો લાભ લઈ રહ્યા છે. તેમણે દહેરાદૂનમાં પોલીસ લાઇન ખાતે આયોજિત યોગ શિબિરને સંબોધિત કરી હતી.  રાષ્ટ્રપતિએ વૈશ્વિક મંચ પર યોગને પ્રોત્સાહન આપવામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------------

## રાજ્ય-ગ્રામપંચાયત ચુંટણી:

રાજ્યમાં 7 હજારથી વધુ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આજે સવારે 7 થી સાંજે 6 વાગ્યા દરમિયાન મતદાન થશે. રાજ્યની 3 હજાર 541  ગ્રામ પંચાયતોમાં સામાન્ય જ્યારે 353 ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી માટે મતદાન થશે. રાજ્યભરમાં 3 હજાર 656 સરપંચોની તથા 16 હજાર 224 સભ્યોની બેઠક માટે સામાન્ય ચૂંટણી થશે.જયારે 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છ-ગ્રામ પંચાયત ચુંટણી :

રાજ્યની સાથે કચ્છના  ગ્રામીણ વિસ્તારમાં પણલોકશાહીનાં મહાપર્વ સમાન ગ્રામ પંચાયત ચૂંટણી માટેનું મતદાન થશે. કચ્છમાં સામાન્ય અને પેટા મળી કુલ 129 ગ્રામ પંચાયતમાં યોજાનારી ચૂંટણી માટે 2.38 લાખ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ગ્રામ્ય મુખી અને સભ્યોની પસંદગી કરવાના છે. કચ્છમાં 129 ગ્રામ પંચાયતની ચૂંટણી માટે 288 મતદાન મથક ઊભા કરાયા છે. ગાંધીધામને બાદ કરતાં બાકીના નવ તાલુકામાં યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાશે.

ગ્રામ પંચાયતની ચૂંટણી બેલેટ પેપરથી યોજાતી હોવાથી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતપેટીઓને સુરક્ષિત રીતે બૂથ પર લઈ જવામાં આવી હતી.જેમાં સરંપચ અને સભ્યપદ માટે 1662 ઉમેદવારનું ભાવિ મતપેટીમાં કેદ થવાનું છે.

---------------------------------------------------------------------------------------------------------------

## વિસાવદર-પુન:મતદાન :

વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં ગઈકાલે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથક પર શાંતિપૂર્ણ માહોલમાં પુન:મતદાન સંપન્ન થયું હતું. ગઈકાલે સાંજે 5 વાગ્યા સુધીમાં 79.26 ટકા મતદાન નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે 19 તારીખે યોજાયેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં બે મતદાન મથક પરનું મતદાન રદ કરવામાં આવ્યું હતું.

વિસાવદર અને કડી વિધાનસભા બેઠક પર આવતીકાલે તારીખ 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

---------------------------------------------------------------------------------------------------------------

## કચ્છ-કોંગ્રેસ પ્રમુખ:

ગુજરાતમાંથી કોંગ્રેસ સંગઠન સૃજન અભિયાનની શરૂઆત કર્યા બાદ 31 મે સુધીમાં ગુજરાતના સંગઠનની રચના કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

ગુજરાત કોંગ્રેસના શહેર-જિલ્લા પ્રમુખોના નામની જાહેરાત કરવામાં આવી છે, તેમાં 10 પૂર્વ ધારાસભ્યો અને એક પૂર્વ સાંસદને પણ પ્રમુખપદ આપવામાં આવ્યું છે.જાહેર કરાયેલી યાદી મુજબ  કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે વી.કે.હુંબલની નિયુક્તિ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## વિમાન દુર્ઘટના-DNA:

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 247 DNA નમૂના મેચ થયા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી 232 પાર્થિવદેહ તેમના સ્વજનોને સોંપાયા છે. 23 લોકોને હવાઈ મુસાફરી દ્વારા અને 209 લોકોને માર્ગ પરિવહન દ્વારા તેમના વતને પહોંચાડવામાં આવ્યા છે.

જેમના પાર્થિવ દેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે તેમાં 175 ભારતીય, 52 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડીયન અને 12 બિન મુસાફરોનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-વિશ્વ ઊંટ દિવસ :

કચ્છના ઊંટ ઉછેરક માલધારીઓના સમર્થન અને ઊંટના રક્ષણ માટે પ્રતિ વર્ષ ઊજવાતા `વિશ્વ ઊંટ દિવસ' નિમિત્તે, વર્ષ 2011થી કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા દર વર્ષે 22મી જૂન ના દિવસે વિશ્વ ઊંટ દિવસની ઉજવણી કરવામાં આવે છે, એ જ રીતે આ વર્ષે પણ આવતીકાલે 23 જૂન  સોમવારે આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું આયોજન કચ્છના કોટડા ચકાર નજીક આવેલા સરાણવાડી ભેડમાતા ખાતે વિશ્વ ઊંટ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં કચ્છ, સોરાષ્ટ્ર અને ગુજરાતના ઊંટપાલકો, પશુપાલન વિભાગ, ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ, સરકારી વિભાગના અધિકારીઓ તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાશે.

---------------------------------------------------------------------------------------

# હવામાન વિભાગ-આગાહી:

રાજ્યમાં આગામી 6 દિવસ ભારે વરસાદની આગાહી છે. આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જ્યારે પાટણ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, ખેડા, આણંદ, સુરેન્દ્રનગર, રાજકોટમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

------------------------------------------------------------------------